# ગઝલ

–સંજુ વાળા

**.1.**

સાવ સામે આવી ઉભાં હો અને ..
શક્ય છે હું ઓળખું ના આપને !

સાંભરણ, સમ્બન્ધનાં ઉંડાણને
તાગતાં અડકી જવાતું આભને !

કેટલા પાછળ લીસોટા પાડવા ?
એની ક્યાં કૈં પણ ખબર છે સાપને !

ખુલ્લું છે આકાશ પણ મન બંધ છે-
કેમ ફફડવું ? ઉગેલી પાંખને !

પહોંચવું, પામી જવું, તરછોડવું,
એ જ ઘટનાક્રમ મળ્યો તમને-મને !

જે કહું છું એ જ પાછું સાંભળું,
સાંભળ્યું જે એ જ કહેવાનું બને !

છાંયે બેસે એની છાયા ઓગળે,
તડકે ચાલે એ ગુમાવે ઝાડને !

**.2.**

કોઈને સુખ, કોઈને ન્યોછાવરી જીવાડશે;
અમને કવીતા નામની સંજીવની જીવાડશે.

અણસમજ ભમરાની યજમાની કરી જીવાડશે,
જાત ઓઢાડી કમળદળ-પાંખડી જીવાડશે.

શું વધારે જોઈએ ? એક કાળજી જીવાડશે,
લખ અછોવાનાં બરાબર લાગણી જીવાડશે.

હાથમાં હીમ્મત નથી, ને પગ તો પાણીપાણી છે,
તો હવે શ્રદ્ધાની ટેકણલાકડી જીવાડશે.

સાચા-ખોટાના બધાયે ભેદ તો સાપેક્ષ છે,
શીર સલામત નહીં રહે, તો પાઘડી જીવાડશે.

શું લખું ? કયા શબ્દની આરાધના કેવી કરું ?
ક્યાં ખબર છે ! કઈ રીતે બારાખડી જીવાડશે !

ચાલ, થોડી લીલી-સુકી સાચવીને રાખીએ
કૈં નહીં તો એ સ્મરણ, એ દાબડી, જીવાડશે

**.3.**

પ્રપંચનો પહાડ પાર થાય તો પ્રગટ કરું,
ઝીણું અમસ્તું રેતકણ હું કોની સામે વટ કરું ?

ન રાખું કૈં જ ગુપ્ત, ન કશીય ચોખવટ કરું;
રહસ્ય એ જ ઘેન હો, તો ઘુંટી ઘુંટી ઘટ કરું.

બહુ જ ગોળ ગોળ, લાંબુલચ ક્થ્યા કરે છે તું,
કરું હું સાવ અરધી વાત, કીન્તુ ચોખ્ખીચટ કરું.

લે, ચાલ સાથે ચાલીએ, મુકામ શોધીએ નવા,
નીભાવ સાથ તું, તો તારા સાથનું શકટ કરું.

અમેય થોડા ભીતરે અજંપ ધરબી રાખ્યા છે-
ચડ્યો છે કાટ કેવો જોઉં, કે ઉલટપુલટ કરું ?

હું એ જ કારણે રહું સ્મરણની હદથી દુર.. દુર..
છે ઠંડી ઠંડી આગ એ, વધારે શું નીકટ કરું ?

છે ભાવમય, તું શબ્દની સપાટીએ ના સાંપડે
હો પથ્થરોનું શીલ્પ, તો હું શું કરું ? કપટ કરું ?

**.4.**

પ્રથમ પાણીથી પાર થઈ જવા આદેશ દો,
પછીથી ક્યાંય પણ ઝઝુમવા આદેશ દો.

તમસ પહોંચી ગયું આંખની પરસાળ લગ,
ઘડીભર ત્યાં જ અટકી જવા આદેશ દો.

ધુમાડો થઈ ગયા વીશે કહું તત્કાળ શું ?
પલક-પળવાર તો વીચારવા આદેશ દો !

પળેપળ બીસતન્તુ જેમ મન કરમાય, ને –
વધારામાં તમેય નીતનવા આદેશ દો.

ઉનાળો વ્યાપ્ત છે પરાળથી પથ્થર સુધી,
તરસ હે કાળઝાળ ! તુટવા આદેશ દો !

નર્યો ઉન્માદ થઈ જવાય તે પહેલાં, હૃદય,
કસક એકાદ તો ઉછેરવા આદેશ દો !

**.5.**

તપી, તુટી, તણાઈ સોનું સાબીત થાય,
બધી સ્થીતી વટાવી, હોવું સાબીત થાય.

જરા ઓગળતાં ઓળખ મ્હોરું સાબીત થાય,
ને મ્હોરાં એકઠાં થઈ ટોળું સાબીત થાય.

તણખલા જેવડું એક તથ્ય પણ ક્યારેક,
ઘરોબો કેળવી મસમોટું સાબીત થાય.

કદી કાપડનો અમથો ટુકડો ધારે–
થવા વરણાગી, તો ઘરચોળું સાબીત થાય.

સુરીલું વાગવાની કામના લઈને –
હું નમણી ફુંક મારું, પોલું સાબીત થાય.

હજારો વાહ.. વાહ.. કહીને ગયા, ને તું
રહીને ચુપ, રસનું ઘોયું સાબીત થાય.

એને પત્રબોમ્બની ક્યાં જાણ છે સ્હેજે ?
કબુતર ભોળું છે ને ભોળું સાબીત થાય.

પુરા પુર્ણત્વને પામી જવા કરતાં,
ભલેને એય અરધું-પોણું સાબીત થાય !

**.6.**

તાપણું છોડી અને ભાગી છુટેલો એક બળવાખોર તણખો,
આ રહ્યો હમણાં લખેલી વારતાના અંતમાં આવેલ ફકરો.

એક માણસની સમજ લગ પહોંચતાં વીતી ગયેલાં કૈંક વરસો,
એક પછી એક અટકળમાં ડુબી, રચતાં રહે ઘેઘુર વડલો.

પગ થયા પાણી, છતાં સંદર્ભ સ્થળનો સ્હેજ પણ ફરતો નથી કાં ?
શાપ છે કેવી ગતીનો કે, સતત વમળાય છે થઈને ભમરડો !

તપખીરી મીજાજને ફટકારેલા આદેશની કંઈ ક્યાં ખબર છે ?
કૈ રીતે સમજાય એના ગર્ભમાં ઉછરી રહેલી તીવ્ર અસરો ?

તાળવે બાઝી રહેલા સ્વાદમાં રમમાણ આખું વીશ્વ હો ત્યાં—
કોણ આ બાહુ પ્રસારીને ચીખે છે : હે સનાતન રુપ ! પ્રગટો...

સાંવરા ! ખુશ્બુ ખરીદી લાવવા વાચા અમે વેચી દીધી છે,
શું વદું ? જ્યાં આંખ ઓગળતી રહે છે ને કપાળે ધોમ ધખતો !

**.7.**

અમસ્તું જ એવા ઘણામાં રુપાન્તર થતું,
અકળનું ઘણી ધારણામાં રુપાન્તર થતું.

અચાનક બધાં દૃશ્ય ઉડીને આવે કને-
અને આંખનું બારણામાં રુપાન્તર થતું.

અનાયાસ થંભી જતાં એ જગા પર ચરણ,
અકારણ પરીચીતપણામાં રુપાન્તર થતું.

અવીરત જતો જાય છે હાથ ઉંડે હજુ.....
અતળનું ખટકતાં કણામાં રુપાન્તર થતું.

અસ્થીગંધ ભળતી ધુમાડામાં અસ્તીત્વના,
અનલનું પછી તાપણામાં રુપાન્તર થતું.

**.8.**

ઉભાં રહી અટારીએ,
દ્વીધામાં નખ પલાળીએ.

અકબંધતા ઉલેચવા,
છાતીમાં છીદ્ર પાડીએ.

યુગોથી ઉંઘતી પ્રથા,
દસ્તક દઈ જગાડીએ.

ઈચ્છાળવી ક્ષણો વીશે,
ચાલો ફરી વીચારીએ.

ધીમે ધીમે પ્રવેશતું,
બોઝલપણું સ્વીકારીએ.

ખાલી ખખડતા હાથ લઈ.
ચોફેર શું ઉછાળીએ ?

**.9.**

આજ અનુપમ દીઠો એવો,
પથ્થરને વળતો પરસેવો.

ચડી જ્ઞાનની ઘેઘુર ટોચે,
ટચાક દઈને તોડી ટેવો.

ચકવા જેવી લગની લઈને,
ચકવી જેવો લ્હાવો લેવો.

ભાષા ! તું ભીતરનું ભોજન,
ભાવ ભળે તો મીસરી–મેવો !

સ્વર્ગ, મોક્ષ સઘળું આ કાગળ,
શબ્દો સાક્ષાત કોટીક દેવો.

**.10.**

ઝાંખા ઉજાસ વચ્ચે તેં જે કથા કહી છે,
સાંભળજે કાન દઈને એની જ આ કડી છે.

પંખીયુગલને વડલાની ડાળ સાંપડી છે,
ને ક્રૌંચવધની ઘટના જીવમાં ઝમી રહી છે.

પળને બનાવે પથ્થર, પથ્થરને પારદર્શક,
તાકી રહી છે કોને ? આ કોની આંગળી છે ?

નખ હોય તો કપાવું, દખ હોય તો નીવારું,
ભીંતરને ભેદતી આ, મારી જ પાંસળી છે.

કાજળ બનીને આવો કે જળ બની પધારો,
પાંપણથી નમણી બીજી ક્યાં કોઈ પાલખી છે ?

ઈચ્છાના કાચઘરમાં એ કેદ થાય અંતે,
માણસનું નામ બીજું રંગીન માછલી છે

## .11.

રોમાંચ ઓ તરફ છે, આ બાજુ કમકમાટી,
હે સુજ્ઞજન ! આ ક્ષણને આછી કહું કે ઘાટી ?

કોની સ્થીતીમાં હલચલ, છે સ્થીર કઈ સપાટી ?
આ કઈ દીશાથી આવી, પજવે છે હણહણાટી ?

જાહેરમાં નહીં તો, તું કાનમાં કહી જા –
પથ્થર થયો તે પહેલાં, પાણી હતો કે માટી ?

વેચું દરેક વસ્તુ, હું તોલમોલ વીના,
છું હાટડી વગરનો, સૌથી જુદો જ હાટી.

છે સુક્ષ્મ કીન્તુ સક્ષમ, આ કાવ્ય નામે ઔષધ,
ચાખો, પીઓ કે ચાટો, ખાંડી, દળી કે વાટી.

સંભવ છે એ જગાએ, મેળો ભરાય કાલે,
નીર્મમપણે જ્યાં આજે, ખેલાયું હલદીઘાટી.

અક્ષરને એ ના જાણે, ના અંકનીય ઓળખ,
ભણતર આ એનું કેવું ? કોરી રહે જ્યાં પાટી !

## સંજુ વાળા

કવીતાસંગ્રહ: કંઈક, કશુંક અથવા તો (૧૯૯૦), કિલ્લેબંધી (૨૦૦૦) રાગાધીનમ(૨૦૦૭)
સંપાદન: અતિક્રમી તે ગઝલ (૧૯૯૦) કિંશુકલય(૧૯૯૩) ઘર સામે સરોવર(૨૦૦૯)
કવિતાચયન-(૨૦૦૭–૨૦૦૯)


:સર્જક સમ્પર્ક:

સંજુ વાળા

એ–77, આલાપ એવન્યુ, યુનીવર્સીટી રોડ, રાજકોટ–360 005
મોબાઈલ : 98255 52781 ઈ–મેઈલ : sanjoo.vala@gmail.com



'સન્ડે ઈ-મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ : નવમું - અંક : 280 – October, 06
'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


@@@@@


More than 2,46,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 22,70,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 5,30,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com


@@@@@@@@@